# દબાણ હટાવવા ડીસા પાલિકાનું મહાભિયાન

## જિલ્લા કલેક્ટર પાસે પાલિકા પ્રમુખે દબાણ હટાવો ઝુંબેશ માટે માંગી પરવાનગી : શહેરના ૧૨ મુખ્ય રસ્તા પરના દબાણો દૂર કરવા પાલિકા સજ્જ

ડીસા, તા. ૧૭

ડીસા બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય વહેપારી મથક છે ત્યારે વધતા જતાં વિકાસ સામે રીઢા દબાણદારોએ શહેરના મુખ્ય રસ્તાઓ પર પાકા દબાણો કરતાં શહેરને જોડતા અંદાજીત ૧૨ જેટલા મુખ્ય રાજમાર્ગો પર દબાણોનો રાફડો ફાટ્યો છે. જેનાથી મુખ્ય જાહેર માર્ગો સાંકડા બનેલ છે અને તેનાથી ટ્રાફિક વ્યવસ્થા કથળેલ છે. ત્યારે વર્ષઓ જૂના આ દબાણો દૂર કરવા કાયદાની કડકાઈએ ડીસા પાલિકા પ્રમુખ કૈલાશબેન શાહે પ્રયત્નો હાથ ધર્યા છે. જેમાં પાલિકા પ્રમુખ આ મહાઅભિયાનને અમલમાં મુકી શહેરને દબાણમુક્ત કરવા જિલ્લા કલેક્ટર બનાસકાંઠા પાસે મદદ માંગતો પત્ર મોકલાવતાં દાયકાઓ જૂના જાહેર માર્ગો પરના દબાણોદારોમાં ફફડાટ ફેલાયો છે.

આ બાબતે ડીસા નગરપાલિકાના પ્રમુખ કૈલાશબેન શાહે સ્પષ્ટતા કરતા જણાવેલ કે 'ડીસા જિલ્લાનું મુખ્ય વહેપારી મથક છે. શહેરમાં વધતી જતી વસ્તી સામે રસ્તાઓ સાંકડા બનતા ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો સમાન બની છે. આ સમસ્યાનો અંત માત્ર જાહેર રસ્તાઓ પરના દબાણો દૂર કરવાથી આવી શકે છે. હાલ શહેરમાં ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલુ છે. જે બાદની નવિન કામગીરીમાં રસ્તાઓનું નવિનીકરણ થાય તે પહેલા તમામ જાહેર રસ્તાઓના દબાણો કોઈપણ મનની શેહ-શરમ રાખ્યા વગર દૂર થાય તે ખૂબ જ જરૂરી છે. ડીસાના ઉજ્જવળ વિકાશશીલ ભવિષ્ય માટે શહેર દબાણ મુક્ત બને તે જરૂરી છે. જેથી અમારી ટીમે શહેરના દબાણગ્રસ્ત મુખ્ય રસ્તાઓ જેવા કે બગીચાથી લેખરાજ સોની બજાર જતી જેલ રામચોક, ઈન્દીરાનગરથી હીવે સુધી, રીજમેન્ટથી રામાપીરના મંદિર સુધી, જલારામથી રેલવે સ્ટેશન સુધી, હવાઈ પીલ્લરથી રીસાલા સુધી, શિવનગરથી લેખરાજ ચાર રસ્તા સુધી, ભગવતીથી રાજપુર સુધી, સરસ્વતીથી રાજપુર ગવાડી સુધી, રાજપુર ગવાડીથી પાટણ રોડ, વેલુનગર કાંશી તરફનો રસ્તો, જૂની પોલીસ લાઈનથી હરીઓમ સ્કૂલ સુધી, રાજપુર ચોકીથી રેલવે સ્ટેશન સુધીના જાહેર રસ્તાઓ પરના દબાણો દૂર કરવા અમો કટીબદ્ધ છીએ. અમોએ શહેરના તમામ ડિપાર્ટમેન્ટને બનાસકાંઠા જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતાએ બેઠક રાખી સંકલન કરી શહેરના વિકાસ માટે આ દબાણો દૂર કરવા જિલ્લા કલેક્ટરની મંજૂરી માગી છે તેવુ જણાવ્યું હતું.

આમ, ડીસામાં દાયકાઓ બાદ શહેરને જોડતા મુખ્ય રાજમાર્ગો ઉપરના ૧૨ જેટલા મોટા મુખ્ય રસ્તાના દબાણો દૂર થવાનો માર્ગ મોકળો થયો છે.

# ખંભીસર ગામે વન વિભાગે પાંજરૂ મુકી વાનરને પકડી પાડ્યો : ગ્રામજનોએ રાહતનો દમ લીધો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વાનરોના ટોળાએ આતંક મચાવ્યો હતો અને ખંભીસર ગામમાં રીતસરનો ભય ફેલાયો હતો અને મહિના પહેલા એક મોટાકદના વાનરે મહિલા ઉપર હૂમલો કરતા મહિલા બચવા દોડતાં હાથે ફ્રેક્ચર થયું હતું. ત્યારે ગ્રામજનોએ વન વિભાગને જાણ કરવા છતાં કોઈ જ પગલાં ન હોતા લીધા. આ ઉપરાંત પ્રાથમિક શાળાની એક વિદ્યાર્થીને પણ અડફેટે વિદાય સમારંભમાં અચાનક વાનરે હૂમલો કરતાં વિદ્યાર્થીઓ હેબતાઈ ગયા હતા અને બાળકોમાં અફડાતફડી મચી હતી અને આ અફડાતફડીમાં ધોરણ-૩માં ભાગતી બાળકીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને વાનરના આતંકથી ખંભીસરના પ્રજાજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. ફરીથી વાનરે હૂમલો કરતાં ગ્રામજનોએ મોડાસા વનવિભાગ તંત્રને જાણ કરતાં વન વિભાગ અધિકારી દ્વારા બેજવબદારીપૂર્વક જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન


(તસવીર : જય અમીન, મોડાસા)

લેતાં ગ્રામજનોને ભયના ઓથાર નીચે જીવવા મજબુર કરી દીધા હતા.

મોડાસા તાલુકાના ખંભીસર ગામમાં છેલ્લા મહિના દરમિયાન વાનરોના ટોળામાંથી મોટા કદના વાનરે રીતસર આતંક મચાવી દીધો હતો અને એક મહિલાને અડફેટે લેતાં ફ્રેક્ચર થતાં ગામલોકોએ આ અંગે મોડાસા વન વિભાગને જાણ કરવા છતાં નિંદ્રાધીન અવસ્થામાં મસ્ત હતા ત્યારે ફરીથી આજ વાનરે ખંભીસર પ્રાથમિક શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓને કર્યો હતો. આ અંગે ગામના અગ્રણીએ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનું ધ્યાન દોરતા સમાચાર પત્રના માધ્યમથી વાચા આપી તા. ૧૩-૪-૨૦૧૫ના સમાચારનો પ્રસિદ્ધ થતા આ સમાચારને પગલે વનવિભાગ સફાળુ જાગ્યું હતું અને ગામમાં વાનરોને પકડવાનું પાંજરૂ મુકી વાનરને પકડવામાં સફળતા મળી હતી અને વન વિભાગે આતંકી વાનરને અરવલ્લીના ગાઢ જંગલમાં છોડી મુકવામાં આવતા ગ્રામજનોમાં આનંદ છવાયો હતો.



## મેઘરજમાં કોંગ્રેસના હોદ્દેદારો નિમાયા

અરવલ્લી જિલ્લાના કોંગ્રેસનો ગઢ ગણાતા મેઘરજમાં મેઘરજના કોમ્યુનીટી હોલ ખાતે મેઘરજ ભિલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારા તેમજ જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ કોંગ્રેસના કાર્યકરોની ઉપસ્થિતિમાં મીટીંગ યોજાઈ હતી. જેમાં જયેશ અસારીને પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે કલ્પેશ ખરાડીની નિમણુંક સર્વોમતે કરવામાં આવી હતી. કોંગ્રેસી કાર્યકર્તાઓએ નિમણૂંક થયેલા બન્નેને અભિનંદન પાઠવ્યા હતા. કોંગ્રેસના પ્રમુખ અને ઉપપ્રમુખે કોંગ્રેસને ફરી સત્તામાં લાવવા હાંકલ કરી હતી. (તસવીર : મુકેશ ડામોર, ઈસરી)

# મેઘરજમાં કાયમી ટીડીઓ મુકવા માંગ

ઈસરી, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકા પંચાયત કચેરીમાં છેલ્લા બે વર્ષથી કાયમી તાલુકા વિકાસ અધિકારીની જગ્યા ભરવામાં નથી આવતી અને ઈન્ચાર્જ ટી.ડી.ઓ.થી તાલુકાનો વહીવટ ચાલે છે. ત્યારે ઈન્ચાર્જ ટી.ડી.ઓ.ની ગેરહાજરી અને અનિયમિતતાને લીધે અરજદારોને વારંવાર પોતાની અરજી માટે ધરમ ધક્કા ખાવા પડે છે. જ્યારે કચેરીની વહીવટની કામગીરી પણ ખોરવાઈ ગઈ છે. ત્યારે અરજદારો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને તાલુકામાં કાયમી ટી.ડી.ઓ.ની નિમણુંક કરવાની માંગ કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકો આદિવાસી અને બક્ષી પંચની ૬૧ ટકા વસ્તી ધરાવતો તાલુકો છે. જેમાં ૧૨૯ ગામડાઓનો સમાવેશ થાય છે. આ તાલુકાના હજારો અરજદારો પોતાની અનેક અરજીઓ લઈ મેઘરજ તાલુકા પંચાયત કચેરીમાં જાય છે પરંતુ છેલ્લા બે વર્ષથી તાલુકા પંચાયતન કચેરીમાં કાયમી તાલુકા વિકાસ અધિકારીની નિમણુંક જ નથી કરાઈ અને ઈન્ચાર્જ ટી.ડી.ઓ.થી જ કામકાજ વહીવટ ચાલે છે. આથી ઈન્ચાર્જ ટી.ડી.ઓ.ની ગેરહાજરી અને અનિયમિતતાને લીધે અરજદારોએ પોતાના કામકાજ માટે ધરમ ધક્કા ખાવા પડે છે. આથી અરજદારો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ તાલુકામાં જુદી જુદી યોજના અંતર્ગત સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ ટી.ડી.ઓ.ની ગેરહાજરી અને અયોગ્ય વહીવટને લીધે તાલુકો આજે પણ વિકાસ માટે ઝંખી રહ્યો છે. ઉપરાંત તાલુકામાં ટી.ડી.ઓ.ની અનિયમિતતા અને આયોગ્ય વહીવટને લીધે મનરેગા યોજના કામગીરી ખોરવાઈ ગઈ છે. આથી તાત્કાલિક ધોરણે કાયમી ટી.ડી.ઓ.ની વરણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ડીસામાં જીવદયા પ્રેમી પર જીવલેણ હુમલો : ચાર વિરૂદ્ધ ફરિયાદ

ડીસા, તા.૧૭

વહેપારી મથક ડીસા માં કેટલાક ઈસમો ગેરકાયદેસર રીતે અબોલ પશુની ખરીદી કરી, હરાજી કરી અન્ય પ્રાંતોમાં કતલખાને મોકલાય છે, જોકે અનેકોવાર આ ગેરકાયદેસરનાં કામને અંજામ આપતા માથાભારે શખ્સોએ અબોલ પશુ બચાવતા જીવદયા પ્રેમીઓં ઉપર જીવલેણ હુમલા કર્યા છે, ત્યારે આવો જ એક હુમલો જીવદયા પ્રેમી યુવક પર ગત મોડીરાત્રે થયો છે જેમાં ચાર હુમલાખોર વિરુદ્ધ ડીસા દક્ષિણ પોલીસ માં ફરિયાદ નોધાઈ છે.

બનાસકાંઠા ના ડીસામાં અબોલ પશુ કતલખાને ધકેલતા અને બેફામ બનેલા કસાઈઓં હવે તેમના રસ્તામાં આવતા જીવદયા પ્રેમીઓં પર જીવલેણ હુમલા પણ કરી રહ્યા છે જેમાં ડીસાનો મનોજકુમાર મોદી નામનો પીડિત યુવક આવાજ એક હુમલામાં ગતરાત્રીએ ગંભીર રીતે ઘાયલ થયેલ છે, આ સનસનીખેજ ક્રાઈમની વાત કરીએ તો ડીસાનાં રાજપુર વિસ્તારમાં રહેતા મોદી મનોજકુમાર મોહનલાલ જીવદયાપ્રેમી તરીકે અવાર નવાર કતલખાને લઈ જવાતા પશુઓં ને બચાવવા આગળ આવતા તેમની પર કસાઈઓં એ અદાવત રાખી હતી, જેમાં ગત મોડીરાત્રે પીડિત મનોજકુમાર મોદી ન ખાનગી રાહે બાતમી મળેલ કેટલાક ઈસમો ભેસો કતલખાને લઈ જવાના છે જેથી તેમને રાજમંદિર સિનેમા નજીક હાઈવે રોડ પર વોચ ગોઠવી હતી, જો કે કસાઈઓં ને આ બાબત ની ખબર પડતા તે એક આઈસર ટ્રક અને અન્ય વાહન લઈ રાજમંદિર સિનેમા નજીક પહોચ્યા હતા અને જીવદયા પ્રેમી મનોજ મોદી ને પકડી કહેલ કે 'તું કેમ અમારી ભેસો ની ગાડી કતલખાને જતી રોકવા આવે છે તેમ કહી હુમલાખોરો એ ચપ્પુ અને પાઈપ વડે જીવદયા પ્રેમી મનોજ મોદી પર તૂટી પડ્યા હતા, આ હુમલામાં મનોજ મોદીનાં પગે ફ્રેકચર થયું હતું, અને તે હાલ ડીસાની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ડીસા દક્ષિણ પોલીસ મથકના પી.એસ.ઓં. હીરાભાઈ એ જણાવેલ કે ડીસા ના જીવદયાપ્રેમી મનોજમોદી એ ગત રાત્રીએ અત્રેના પોલીસ મથકે હુમલાખોર એવા આરોપી (૧) ઈબ્રાહીમ ખાટકી (૨) સદીક મુસલમાન (૩) ફિરોઝ અનમહમદ મુસલમાન (૪) બીજો એક માણસ સહીત ચાર ઈસમો વિરુદ્ધ હુમલાની ફરિયાદ આપેલ છે, ડીસા દક્ષિણ પોલીસે ફરિયાદી મનોજ મોદીની ફરિયાદ આધારે આઈ.પી.સી. કલમ ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૧૧૪ મુજબની ફરિયાદ નોધી છે, જેની વધુ તપાસ ડીસા દક્ષિણ પોલીસ મથકના પી. એસ. આઈ. એસ.કે. ચોધરી ચલાવી રહ્યા છે.

# હાંસલપુરની પરિણીતાને ત્રાસ આપનાર જમાઈ-સાસુ-નણંદ સબજેલમાં

## સાત દિવસ પહેલા પરિણીતા કુવામાં પડી મોતને ભેટી હતી

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠાના હિમતનગર ઈડર બાયપાસ માર્ગ પર સાત દિવસ પહેલા સાસરિયાના ત્રાસથી કંટાળી કુવામાં પડી હતી જેનું ડૂબી જવાથી મોત નીપજયું હતું આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે મહિલાના પતિ સહીત ત્રણ સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોધાઈ હતી.પોલીસે શુક્રવારે પતિ સહીત ત્રણ ની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા સબજેલમાં મોકલી આપ્યા હતા.

આ અંગે હિમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જીતેન્દ્રકુમાર કચરાભાઈ સોલંકીએ ફરિયાદ નોધાવેલ કે હિમતનગરના સ્પીનીંગ મિલ નજીક રહેતા ભગવાનભાઈ દિનેશભાઈ પરમાર, તારાબેન દિનેશભાઈ પરમાર અને ભગવતીબેન જીતેન્દ્રકુમાર સોલંકીના શારીરિક માનસિક ત્રાસ ને લઈને સોનલબેન (ઉ.વ.૨૧)૧૦ એપ્રિલના રોજ બપોરના સુમારે ઘરેથી દોડી જઈ નજીક આવેલ એક કુવામાં પડતું મુક્યું હતું જેથી પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજયું હતું.

આ ફરિયાદ સંદર્ભે શુક્રવારે બપોરે મૃતક સોનલબેનના પતિ ભગવાનભાઈ, તેની સાસુ તારાબેન અને નણદ-બહેન ભગતીબેન ત્રણેય ને ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે ત્રણેયને સબજેલમાં મોકલી આપ્યા હતા.

# પ્રાંતિજમાં ઓવરલોડિંગ ટર્બા તથા ઈકો ગાડી પકડાઈ

## ૧૩ કપચી, મેટલ ભરેલ ઓવરલોડ ટર્બા અને ત્રણ પેસેન્જર ઈકો સાબરકાંઠા આરટીઓએ પકડી : ૧.૪૨ લાખનો દંડ ફટકાર્યો


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર રોજિંદુ અવર જવર કરતા ઓવરલોડ ટર્બા હિંમતનગર આરટીઓ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરતા ૧૩ જેટલા ટર્બા તથા ૩ ઈકો ગાડી હાથ લાગતાં હિંમતનગર આરટીઓ અધિકારી મોદી દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને ૧૩ ટ્રક (ટર્બા) ચાલકો તથા ૩ ઈકો ગાડી જપ્ત કરી તેમના વિરૂદ્ધ ઓવરલોડિંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ૧.૪૨ લાખનો દંડ ફટકાર્યો હતો અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે બધાં વાહનો મુકી દેવામાં આવ્યા હતા અને આ વાતની જાણ અન્ય ઓવરલોડ વાહન ચાલકોમાં ફેલાઈ જતા તેવોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# પ્રાંતિજની ક્રિષ્ટલ પબ્લિક સ્કુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ક્રિષ્ટલ પબ્લીક સ્કુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્કુલમાં અભ્યાસ કરતાં બાળકોએ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ ખાતે આવેલ ક્રિષ્ટલ પબ્લીક ઈંગ્લીશ મીડીયમ સ્કુલ ખાતે ત્રીજો સાંસ્કૃતિક વાર્ષિકોત્સવનું આયોજન સ્કુલ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ ગણેશવંદના કાર્યક્રમ બાદ દિપ પ્રાગટય કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડ, વી.ડી. ઝાલા, નગરપાલિકા પૂર્વપ્રમુખ જીજ્ઞેશભાઈ, નગરપાલિકા ઉપપ્રમુખ રસીલાબેન રામી, ટ્રસ્ટીઓ તથા પ્રિન્સીપાલ ભાવીનીબેન વગેરે મંચ ઉપર ઉપસ્થિત રહી દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. બાદ મહેમાનોને ક્રિષ્ટલ સ્કુલના પ્રિન્સીપાલે આવકાર્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

જેમાં ક્રિષ્ટલ પબ્લીક સ્કુલમાં અભ્યાસ કરતા બાળકોએ આ વર્ષ દરમિયાન અભ્યાસની સાથે સ્કુલમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ સ્કેટીંગ, કરાટે, રાઈફલ શુટીંગ વગેરે પ્રવૃત્તિઓ બાદ સાંસ્કૃતિક વાર્ષિક એન્યુઅલમાં પણ ભાગ લીધો હતો અને ફિલ્મીગીતો, વિવિધ ધર્મનો પ્રકાશ, ભગતસિંહ થીમ, મદારી ડમરુવાલા, પાપા મેરે પાપા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આવનાર મહેમાનો તથા વાલીઓના દિલ જીતી લીધાં હતાં જયારે સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# પંચાલ પ્રાથમિક શાળાના બાળકોને પગરખાનું વિતરણ

ઈસરી, તા.૧૭

મેઘરજ તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં પંચાલ પ્રાથમિક શાળા આવેલ છે. જયાં સરપંચ રાહુલ ભગોરા અને સેવા મંડળ કસાણાના ઉપક્રમે શાળાના બાળકોને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સી.આર. સી. ડામોર, શાળાના આચાર્ય પંડયા, મણીલાલ, કમલાબેન સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શિક્ષક સુવેરાએ કર્યું હતું.

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને બાળ કવિ સંમેલનમાં ભાગ લેવા અપીલ

પાલનપુર, તા. ૧૬

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે બાળ કવિ સંમેલન યોજવાનું છે. આ સંમેલનમાં આયોજન કરવા માટે જિલ્લા કક્ષાએ એવા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે જેઓએ ભૂતકાળમાં કાવ્યો(કવિતા) લખી ચુક્યા હોય.

બનાસકાંઠા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓએ વર્તમાનપત્રોમાં, સામયિકોમાં, સોવેનિયરમાં, વિશેષાંકમાં, શાળાઓના વિશેષ દિન જેવા કે (રજત જયંતી,સુવર્ણ જયંતિ)ના ઉપક્રમે બહાર પાડેલા સોવેનિયરમાં, જ્ઞાતિઓના સામયિકમાં કે અન્ય કોઈ જગ્યાએ સ્વ-રચિત કાવ્યો પ્રકાશીત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓની કૃતિઓ જિલ્લા શિક્ષણાધિકારી બનાસકાંઠાની કચેરી, પાલનપુર ખાતે તા. ૨૨-૪-૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવા જણાવાયું છે. જિલ્લામાં પસંદ થયેલ બાળ કવિઓ રાજ્ય કક્ષાએ સંમેલનમાં ભાગ લઈ શકશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧